666

**સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે કુટિર ઉધોગ અને નાના વ્યવસાયોની યોજનામાં સહાયનું પ્રમાણ વધારવા બાબત.**

**ગુજરાત સરકાર,**
**સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,**
**ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૪૦૭- ન.બા.૨૩-અ**
**સચિવાલય, ગાંધીનગર**
**તારીખ :** 28-3-08

**વંચાણમાં લીધા :-** (૧) સમાજ કલ્યાણ વિભાગ, વિભાગના તા. ૩૦-૦૯-૧૯૮૮ ના ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૪૮૮-ન.બા.૧૨-૧૦૮૦-અ

(૨) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, વિભાગના તા.૦૧-૧૦-૧૯૯૨ ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૦૯૨-૭૪૪-અ

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩-૦૩-૨૦૦૭ ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૧૦૬-૧૧૮૬- ન.બા- અ

(૪) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, વિભાગના તા.૨૯-૧૦-૧૯૯૮ ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૦૯૮-૧૫૦૭-અ

<u>ઠરાવ</u> :-

વંચાણે લીધેલા ક્રમાંકઃ ૧ થી ૩ ઉપરના ઠરાવોથી કુટિર ઉધોગ / નાના વ્યવસાયો ની યોજનામાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના ઇસમોને કુટિર ઉધોગ અને નાના પાયાના રોજગાર, ધંધા શરૂ કરવા માટે રાષ્ટ્રીયકૃત બેન્કો અથવા નાણાકીય એજન્સીઓ ધીરાણ આપે તો તેની સામે, એકમદીઠ કુલ કિંમત ( ટોટલ યુનીટ કોસ્ટ) ના ૧/૩ ભાગ અથવા વધુમા વધુ રૂા. ૧૦,૦૦૦/- ની મર્યાદામાં સબસીડી ( સહાય) મંજૂર કરવામાં આવે છે. આ યોજનામાં લાભાર્થીની આવક-મર્યાદાનું ધોરણ રૂા. ૧૧૦૦૦/- હતું. તે આવક-મર્યાદા ભારત સરકારે તા. ૨૨-૦૩-૧૯૯૯ ના પત્રથી જાહેર કરેલ આવક-મર્યાદા મુજબ વધારવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આ યોજનામાં આવક-મર્યાદા નું ધોરણ ભારત સરકારે જાહેર કરેલ આવક-મર્યાદાના ધોરણ મુજબ ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૧૫૯૭૬/- તથા શહેરી વિતિાર માટે રૂા. ૨૧૨૦૬/- કરવાનું કરાવવામાં આવે છે. અને આ યોજના અંતર્ગત સામાજીક શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે રૂા. ૨૫.૦૦ લાખની આર્થિક રીતે પછાત વર્ગ માટે રૂા. ૫૦,૦૦૦/- ની તથા લધુમત્તિ જાતિ માટે રૂા. ૫૦,૦૦૦/- ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

( પાછળ)

ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગના તા. ૩૦-૦૯-૧૯૮૮ ના ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૪૮૮-ન.બા.૧૦૮૦-અ માં જણાવેલ આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

૨. આ અંગેનું ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨, અંદાજપત્રના મુખ્ય સદર-''૨૨૨૫ - અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, ૦૩ પછાત વર્ગોનું કલ્યાણ-૧૦૨, આર્થિક વિકાસ, બીસીકે -૧૦૦, કુટિર ઉધોગમાં સ્વરોજગાર તેમજ વાંસકામ અને પરંપરાગત વ્યવસાય માટે નાણાંકીય સહાય '' હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનુ રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૭-૦૩-૨૦૦૮ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

( બકુલ શાહ )
**ઉપ સચિવ**
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

- માન.મંત્રીશ્રી( સા.ન્યા.અને અધિ ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી( સા.શૈ.પ.વ ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોઉધોગ, ગુજરાત રાજય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિકસતી જાતિ )
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી, ( સા.ન્યા.અને અધિ ) સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, જ, બ, અ.૧, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારીની અંગત ફાઈલ
- સિલેકટ ફાઈલ.